# ટપક સિંચાઈની સાથે સોલર વૉટર પમ્પ યોજનાનો ખેડૂતો લાભ ઉઠાવો

**૩ એચ.પી.ની સોલર વોટર પંપની મહત્તમ કિંમત એસી વોલ્ટેજમાં રૂ.૩,૫૦,૦૦૦ જ્યારે ડિસી વોલ્ટેજમાં રૂ.૩,૬૦,૦૦૦ સુધીની અંદાજીને નાબાર્ડ દ્વારા રૂ.૧,૬૨,૦૦૦ સુધીની અપાતી સહાય : અરજીમાં ખેડૂતો કૂવાના પાણીની ઉંડાઇ અને સિંચાઇનો એરિયા જણાવવો પડશે**

ભારતમાં ખેતીવાડી એ વિકાસનો મૂળભૂત આધાર સ્તંભ હોવા છતાં ઘણા વિસ્તાર એવા છે કે જ્યાં પૂરતા પ્રમાણમાં પાણી હોવા છતાં વીજ કનેક્શનના અભાવે ખેડૂતો ખેતી કરી શકતા નથી. પિયત સમયસર કરવા માટે પાણીની જરૂરિયાત રહે છે અને સિંચાઇ માટે સાધનો ચલાવવા માટે વીજળીની જરૂર પડે છે. રાજ્યમાં મોટેભાગે ગામડાંઓમાં વીજળીની સુવિધાઓ છે પરંતુ ખેતરો સુધી વીજળી પહોંચી શકી નથી. ઘણાં વિસ્તારોમાં પૂરતી વીજળી ન મળતાં સમયસર પિયત આપી શકાતું નથી. આવા સમયે ખેડૂતો નવી ટેક્નોલોજીનો સહારો લે તે જરૂરી છે. સોલાર એ વીજળીની ખોટ પૂરી પાડે છે. સૂર્યની ગરમીનું વીજળીમાં રૂપાંતરણ કરીને તેનો ઉપયોગ ખેતીમાં કરી શકાય છે. સૂર્ય શક્તિનું વીજળીમાં રૂપાંતરણ કરવા માટે સોલાર સિસ્ટમ કાર્યરત છે. સોલાર શક્તિથી હવે મોટર પંપ વગેરે ચલાવી શકાય છે. આવા સોલાર વોટરપંપ ખેતીમાં ખૂબ જ કાર્યરત થયા છે. સોલાર વોટર પંપ સંપૂર્ણ પણે સૂર્યપ્રકાશ પર આધારિત હોવાથી બિન ખર્ચાળ અને નિભાવ (મેન્ટેન્સ) ખર્ચ વગરનો છે. સૂર્યના કિરણો સોલાર પેનલ પર પડે છે. સોલાર પેનલ સૂર્યના કિરણોનું વિદ્યુતમાં રૂપાંતર કરે છે તે વિદ્યુત પ્રવાહથી પંપ ચાલે છે. જેથી વીજ કનેકશન કે વીજ બિલની ઝંઝટ જરા પણ રહેતી નથી. સૂર્ય ઊર્જાથી ચાલતો પંપ કૂવા તથા બોરમાંથી પાણી સિંચવા માટે ઉપયોગમાં લેવાય છે. જીજીઆરસીની સૂક્ષ્મ સિંચાઈ યોજના અને નાબાર્ડ દ્વારા સંચાલિત ભારત સરકારની સોલરપંપની યોજનાનું સંકલન કરવામાં આવ્યું છે.

નાબાર્ડ દ્વારા સંચાલિત ભારત સરકારની સોલારપંપની યોજના વસાવવા માટે રાજ્યના કોઈ પણ ખેડૂત માટે કોઈ પણ બેંકમાં ધિરાણ અને સબસિડી માટે અરજી કરી શકે છે. સાથે સાથે ટપક સિંચાઈ પદ્ધતિ માટે જીજીઆરસીમાં અરજી કરવી જરૂરી છે. અરજી કરતી વખતે ખેડૂતો પાણીની ઊંડાઈ (વર્ષ દરમિયાન બોર કે કૂવામાં રહેતી પાણીની ઊંડાઈ), સિંચાઈ માટેનો એરિયા (વીઘા કે હેક્ટર) તેમજ સિંચાઈની પદ્ધતિ (ટપક પદ્ધતિ કે ફૂવારા પદ્ધતિ અને છૂટા પાણીથી) કેવી રીતે કરવામાં આવે છે તેની વિગતો જણાવવી પડે છે.

જીજીઆરસીના સંયુક્ત વહિવટી સંચાલક આર. કે. સુગૂરના જણાવ્યા અનુસાર ૩ એચપી સુધીના પંપમાં સોલર વૉટર પમ્પની કિંમત ઓછામાં ઓછી એસી. માટે રૂ.૨,૯૯,૦૦૦ જ્યારે ડીસીની કિંમત રૂ.૩,૫૧,૦૦૦ નક્કી કરાયેલી છે. જેમાં નાબાર્ડ દ્વારા રૂ.૧,૨૯,૬૦૦ની સહાય અપાય છે. જ્યારે મહત્તમ એસી વોલ્ટેજમાં રૂ.૩,૫૦,૦૦૦ જ્યારે ડિસી વોલ્ટેજમાં રૂ.૩,૬૦,૦૦૦ સુધીની અંદાજીને નાબાર્ડ દ્વારા રૂ.૧,૬૨,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. સોલાર યોજના સાથે ટપક સિંચાઈ લેનાર ખેડૂતોને વિશેષમાં જીજીઆરસી તરફથી ફક્ત પહેલાં ૧૦૦ ખેડૂતોને સીએસઆર કામગીરી અંતર્ગત રૂ. ૩૦,૦૦૦ની પ્રોત્સાહન રાશી લોન ખાતામાં અપાય છે.



## સોલર સંચાલિત પંપની વિશેષતાઓ

- સોલર પેનલનું આયુષ્ય ઘણું લાંબુ હોવાથી ૨૫ વર્ષ સુધી ૮૦% પાવરની વોરંટી સાથે આવે છે.
- સોલર પંપ એસી કે ડીસી પ્રકારના હોય છે. જેમાં એસી પમ્પ વીજ કનેકશન (થ્રી ફેઈઝ પાવર)થી ચાલે શકે છે. સોલર ડીસી પમ્પની કાર્યક્ષમતા એસી પમ્પથી વધારે હોય છે.
- કૂવામાં કે બોરમાં પાણી ખલાસ થઈ જાય તો તે ઓટોમેટિક બંધ થઈ જાય છે જેથી પંપને નુકસાન થતું નથી તેમજ વધારે વોલ્ટેજના લોડમાં થતા ફેરફાર સાથે રક્ષિત, ઓછા વોલ્ટેજ પ્રોટેકશન.
- સોલર પંપ સંપૂર્ણપણે પ્રદૂષણ રહિત હોવાથી શોર્ટસર્કિટનો ડર રહેતો નથી.
- પાકને રાત્રે પાણી પાવાની મુશ્કેલીમાંથી છૂટકારો મળે છે.
- ડીઝલ એંજિન અને આવતા ખર્ચની સામે સોલર પંપ ફ્રી થઈ જાય છે.

# સોલર સિંચાઈ પંપ માટે કેન્દ્ર સરકાર પણ સહાય આપશે



**ખેડૂતોને બે હોર્સ પાવર સુધીના સોલર પંપ પર વધારેમાં વધારે ૫૭,૬૦૦ રૂપિયા પ્રતિ યુનિટની અપાતી કેન્દ્ર દ્વારા સહાય**

એક તરફ દેશમાં આ વર્ષે વરસાદની વધ- ઘટ જોવા મળી રહી છે. દોઢ મહિના બાદ લગભગ ૩૩ ટકા જેટલા વરસાદની ઘટથી ખેડૂતોએ પોતાના પાકને બચાવવા માટે સિંચાઈ જેવી સુવિધાઓ તરફ વળી રહ્યાં છે. દેશમાં વૈકલ્પિક સિંચાઈ વ્યવસ્થાને વધુ સુદૃઢ અને સરળ બનાવવા માટે કેન્દ્રીય કૃષિ મંત્રાલય સોલર સિંચાઈ પંપ માટે ૫૭,૬૦૦ રૂપિયા પ્રતિ યુનિટની સહાય યોજના અમલમાં મૂકી છે. જેમાં બે હોર્સ પાવર સુધીના સોલાર પંપ પર વધારેમાં વધારે ૫૭,૬૦૦ રૂપિયા પ્રતિ યુનિટની સહાય ખેડૂતોને આપવામાં આવશે. જ્યારે કે ૩થી ૫ હોર્સ પાવરના સોલર પંપ પર ૫૪ હજાર રૂપિયા પ્રતિ યુનિટની સહાયના નિયમો અમલમાં મૂકાયા છે. વર્તમાન સમયમાં વિવિધ રાજ્યોમાં ઉપલબ્ધ બે હોર્સ પાવરના સોલર પંપોની કિંમત ૩.૪૨ લાખ રૂપિયા છે. જ્યારે કે ૩ એચપી.ના પંપની કિંમત ૫.૭૦ લાખ રૂપિયા છે અને ૫ એચપીના પંપની કિંમત લગભગ ૯.૧૨ લાખ રૂપિયા છે. જેના પર રાજ્ય સરકાર ૭૫ ટકા સબસિડી પુરી પાડે છે. કૃષિ મંત્રાલય અને ઉર્જા મંત્રાલયે સહમતીથી નવી ‘સબ મિશન કૃષિ યાંત્રિકિકરણ યોજના’નો શુભારંભ કર્યો છે. આ યોજનામાં કેન્દ્ર સરકાર રાજ્ય સરકારને વિભિન્ન પ્રકારના કૃષિ ઉપકરણોની ખરીદી પર નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કૃષિ મંત્રાલયે સોલર સિંચાઈ પંપને કૃષિ ઉપકરણોના લિસ્ટમાં સમાવેશ કર્યો છે. જેને કારણે કેન્દ્રીય યોજના હેઠળ સહાય ઉપલબ્ધ થઈ શકશે. સાથેજ ખેડૂતોને ડિઝલ અને વીજળીથી ચાલતા ઉપકરણોની તુલનામાં સસ્તો અને સુરક્ષિત વિકલ્પ છે.

**નોંધ : બે યોજના અલગ અલગ છે.**